# ગ્રીષ્મોત્સવના બીજા દિવસે પાર્શ્વ ગાયક પાર્થિવ ગોહિલે ગાંધીનગરને જલસો કરાવ્યો

**ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર ડો. ધવલ પટેલ ઉપસ્થિત રહ્યા : અઘોરી મ્યુઝિક બેન્ડના પર્ફોર્મન્સ અને ભાવનગરના શ્રી પાર્થના વિશિષ્ટ વાજિંત્રએ આકર્ષણ જમાવ્યું**




ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના બીજા દિવસે ગુજરાતનું ગૌરવ એવા જાણીતા પાર્શ્વ ગાયક શ્રી પાર્થિવ ગોહિલે રંગ જમાવ્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના નાગરિકોએ ગ્રીષ્મની સાંજને વધુ સોહામણી બનાવી હતી.



સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'દેવદાસ'ના શીર્ષક ગીત અને કેટલાક આલાપથી શ્રી પાર્થિવ ગોહિલે ફિલ્મમાં પ્લેબેક સિંગર તરીકેની કારકિર્દીની શરૂઆત કરી છે. સંજય લીલા ભણસાલીની જ ફિલ્મ 'સાવરીયા' તથા 'હીરોઝ', 'કિશના,' 'સાહિબ બીબી ઔર ગેંગસ્ટર' સહિત ૨૦ જેટલી ફિલ્મોમાં તેમણે ગાયું છે.

ગ્રીષ્મોત્સવની સાંજે શ્રી પાર્થિવ ગોહિલે એકએકથી ચડિયાતા હિન્દી ગીતો અને ગુજરાતી ગીતોની રસ લહાણ કરાવી હતી. તેમની સાથે યુટ્યૂબર અને ગાયક મિતાલી મહંતે પણ કર્ણપ્રિય ગીતો રજૂ કર્યા હતા. અઘોરી બેન્ડ તથા ભાવનગરના યુવા કલાકાર શ્રી પાર્થે વિશિષ્ટ વાજિંત્રથી સંગીત પ્રેમી નાગરિકોને જલસો કરાવ્યો હતો. 'ગુજરાતી જલસો'થી ઘરે ઘરમાં જાણીતા થયેલા શ્રી પાર્થિવ ગોહિલે ગાંધીનગરને જલસો કરાવ્યો હતો.

# શહેરમાં ગરમીનો મિજાજ હજુ ગરમ

**મહત્તમ તાપમાનમાં નજીવી ચઢઉતર : એક ડીગ્રીનો ઘટાડો : દિવસની આકરી ગરમીથી તોબા નગરજનો દિવસે ઘરની બહાર નિકળતા નથી રાત્રિના સમયે સેકટરોના બગીચાઓમાં ભીડ : રાત્રિના સમયે વોકીંગ કરવા નિકળતા રહીશોના લીધે સેકટરોમાં વિશેષ ચહલ પહલ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ગરમીની મોસમ હજુ ગરમ છે. અલબત્ત ગરમીનો મિજાજ હજુ હળવો થયો નથી મહત્તમ તાપમાનમાં રોજબરોજ એકાદ ડીગ્રીનો નજીવો તફાવત જોવા મળે છે સતત ગરમી પ્રકોપના લીધે નગરનુ જનજીવન મુર્ઝાઈ ગયુ છે. દિવસ દરમિયાન સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારોમાં ખાલીપો જોવા મળે છે. જયારે રાત્રિના સમયે નગરના જનજીવનમાં અનોખી રોનક જોવા મળે છે. આજે પણ મહત્તમ તાપમાન એક ડીગ્રીના નજીવા ઘટાડા સાથે ૪૨ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ આકરી ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે મહીનાથી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. નગરજનો આકરા હીટવેવતી પરેશાન છે. ગરમીનો પારો છેલ્લા ઘણાં સમયથી ૪૧ ડીગ્રીની પાર રહે છે. અગાઉ મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રીની પાર થઈ ગયુ હતુ. જો કે હજુ આકરી ગરમીનો પ્રકોપ યથાવત છે. ગરમીનુ જોર હળવુ થતુ નથી છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીનો પારો નજીવો ઉપર ચઢ થાય છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ગરમીનો મિજાજ થોડો હળવો પડયો હતો. આજે એક ડીગ્રીના ઘટાડા સાથે ગરમીનો પારો ૪૨ ડીગ્રી આવી ગયો હતો. છેલ્લા ઘણા દિવસોથી ગરમીનુ સતત આક્રમણ રહેતા નગરજનો આકરા હીટવેવથી તોબા પોકારી ગયા છે. ગરમીની સિઝનની શરૂઆતથી મોસમનો મિજાજ આકરો બન્યો છે. અલબત્ત ગરમીનો પ્રકોપ માર્ચ મહીનાથી જ શરૂ થઈ ગયો હતો જયારે માર્ચમાં જ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને અડી ગયુ હતુ. જયારે એપ્રિલમાં મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ આવી જતા આકાશમાંથી આગ વરસતી ગરમી નગરજનોએ વેઠી હતી એપ્રિલમાં ગરમીનો ઉગ્ર મિજજ સતત યથાવત રહ્યો હતો જયારે હાલ મેં મહીનામાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૨૪ મે પછી ગરમીનો પારો નીચે ઉતરશે

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૪ મી મે પછી જિલ્લામાં ગરમીનો પારો ઘટશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનના અંક નં. ૧૫માં ૨૧ થી ૨૫ મે સુધીનુ આવુ પૂર્વાનુમાન જણાવવામાં આવ્યું છે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે પાંચ દિવસ આકાશ મોટે ભાગે ચોખ્ખુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. ૨૨મીને રવિવારથી તાપમાનમાં ઘટાડો ક્રમશઃ જોવા મળશે. જ્યારે ૨૪મી મે ના રોજ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચશે તેવુ પૂર્વાનુમાન છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૪ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૯-૨૮ કિ.મી. પ્રતિકલાક રહેવા શક્યતા છે. વિતેલા સપ્તાહની તુલનામાં આગામી દિવસોમાં પવનની ગતિ વધશે તેમ જાણવા મળેલ છે. ગત પાંચ દિવસ દરમ્યાન પવનની સરેરાશ ગતિ ૭ કિ.મી. જેટલી નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે વરસાદના પાણીને અટકાવવા ખેત તલાવડીઓ બનાવવાનું આગોતરૂ આયોજન કરવુ, ચોમાસુ પાકોની વાવણી પહેલાં ખેતરમાંથી જમીનના તત્વો અને પાણીની ભલામણ મુજબની પદ્ધતિથી નમુના લઈ ચકાસણી કરાવવી જરૂરી છે. વરસાદની હાલ શક્યતા નથી પરંતુ પરિપક્વ થયેલ પાકની કાપણી સમયસર કરવા જણાવ્યુ છે.

# વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શિક્ષકોની ભારે અનિયમિતતા સામે આવી

**૨૦૦૦ શિક્ષકે ૩ મહિનામાં માત્ર દોઢ જ મહિનો કામ કર્યુ : શિક્ષકોની ભારે લાલિયાવાડી સામે આવી! : શિક્ષકોની માહિતી મળ્યા પછી તંત્ર દ્વારા કાર્યવાહી કરાશે**

ગાંધીનગર, તા.૨૧

પાટનગર ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શિક્ષકોની ભારે અનિયમિતતા સામે આવી છે. કેન્દ્રમાં લેવામાં આવતી હાજરીમાં સામે આવ્યું છે કે શિક્ષકોની ગેરહાજરી કેટલી વધારે છે. ફેબ્રુઆરી, ૨૦૨૨થી રાજ્યમાં પ્રત્યક્ષ શિક્ષણ શરુ થયા પછી પાછલા ૩ મહિનામાં શિક્ષકોની મોટા પ્રમાણમાં ગેરહાજરી નોંધાઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, હવે તમામ જિલ્લાઓમાંથી આ પ્રકારની અનિયમિતતા દર્શાવતા શિક્ષકોની વિગતો મંગાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યના ૨૦૦૦ જેટલા શિક્ષકોએ ૩ મહિનામાં દોઢ મહિના જેટલો જ સમય ફરજ પર હાજરી આપી છે. બાકીનો દોઢ મહિનો તેઓ ગેરહાજર રહ્યા હોવાની ચોંકાવનારી જાણકારી મળી રહી છે. આ પ્રકારે લાલિયાવાડી કરતા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા માટે તપ્પો તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લાઓમાથી ૧૦ જ દિવસમાં આ પ્રકારના શિક્ષકોની વિગતો મંગાવવામાં આવી છે,

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યપાલશ્રી આજે ચિલોડા ખાતે સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ગામે આજે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં રાજ્યના રાજ્યપાલશ્રી મહામહીમ આચાર્ય દેવવ્રતજી સહભાગી થવાના છે.

મહામહીમ રાજ્યપાલશ્રી સવારે ૭.૩૦ વાગે ચિલોડા પહોંચશે અને આ અભિયાનમાં સહભાગી થશે. આ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં પણ તેઓ ઉપસ્થિત રહેનાર છે.

સ્વચ્છતા અભિયાનમાં પંચાયત પ્રમુખ તેમજ ધારાસભ્ય પણ સહભાગી થનાર છે.

# શહેરમાં કોરોનાના નવા ૪ કેસ

**પિતા-પુત્રી સંક્રમિત થયા : સરગાસણ અને સે. ૨૯ માં બે-બે કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાની ચોથી લ્હેરની આગજ થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. શહેરમાં આજે કોરોનાના ૪ કેસ નોંધાયા છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો સતત ચોથા દિવસે એક પણ કેસ નોંધાયો નથી. દસ દિવસમાં બીજીવાર ૩ થી વધુ કેસો એક દિવસમાં નોંધાયા છે.

શહેરમાં છેલ્લા બે દિવસમાં જ સાત કેસ નોંધાયા છે જ્યારે એક સપ્તાહમાં વીસથી વધુ કેસ નોંધાતા તંત્ર સતર્ક બન્યુ છે. શહેરમાં કેસો મળવાનુ શરૂ થતાં જ તંત્રની ચિંતા વધી છે. જો કે હજુ દેખાતા કેસોમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે તેમજ જે દર્દીઓ નોંધાય છે તે પણ હળવા લક્ષણોને લઈ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં કોરોનાના કેસો દેખાયા બાદ હવે શહેરીજનોમાં પણ કેસો જોવા મળ્યા હોવાનુ જાણવા મળેલ છે. સંક્રમણ ઘટતાં લોકો કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે જે રીતે બિફિકરા બન્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પરિવારના સભ્યો કોરોનાની ઝપટમાં નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલા દર્દીઓ પણ અમદાવાદ જતા આવતા હોવાનું પ્રાથમિક રીતે ધ્યાને આવ્યુ છે.

આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દી છે અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે બે કેસ સરગાસણમાં નોંધાયા છે. જ્યાં પિતા-દિકરીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પરિવારની મહિલાનો થોડા દિવસ પહેલા કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો અને સંપર્કમાં આવવાથી આ બે કેસ નોંધાયાનું જાણવા મળેલ છે.

સે. ૨૯માંથી પણ પિતા-પુત્રીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ અને સે. ૨૯ એ બન્ને કોરોનાની બીજી અને ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ વિસ્તારો તરીકે ઉભર્યા હતા જેથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા દર્દીઓને હળવા લક્ષણો જણાયા હોવાથી તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય અને કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે તે જોવા પણ તંત્રને કહેવામાં આવ્યુ છે.

# નવનીત પ્રકાશનના માલિક નવીનભાઈ શાહના હત્યા કેસમાં આરોપીઓને આજીવન કેદની સજા

**આરોપીઓએ ખંડણી માંગવા કાવતરુ રચી હત્યા કરી હતી : જરૂરી પુરાવાઓ નદીમાં નાંખી દીધા હતા જયારે કારની નંબર પ્લેટમાં પણ બદલી નાંખી : વીટી અને ચેઇન પણ લુંટી લીધી હતી**

ગાંધીનગર તા ૨૧

નવનીત પ્રકાશનના માલિક નવીનભાઈ શાહનુ ખંડણી માંગવા અપહરણ કરી ખુન કરવાના ચકચારી કેસમાં ગાંધીનગરની કોર્ટે આ કેસના તમામ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આરોપીઓએ તેમને કાવતરુ રચીને બોલાવી કારમાં તેમના મોં, નાક અને પગ પર સેલોટેપ વિંટાળીને મોત નિપજાવ્યુ હતુ જયારે જરૂરી આઈ ડી કાર્ડ સહીતના પુરાવાઓ વાત્રક નદીમાં ફેંકી દીધા હતા. આ દરમિયાન મરનાર સાથે જપાજપી કરીને આરોપીઓ હીરાજડીત વીંટી અને ચેઈન પણ છીનવી લીધા હતા.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર નવનીત પ્રકાશનના માલિક નવીનભાઈ શાહ તા ૨૫ મે વર્ષ ૨૦૧૭ના બે મહીના અગાઉ એસ જી હાઈવે વૈષ્ણોદેવી સર્કલ પાસેથી લાપત્તા થઈ ગયા હતા. જયારે પુસ્તક પ્રકાશનના ડાયરેકટર નવીનભાઈ શાહનો મૃતદેહ અરવલ્લી જિલ્લાના માલપુર પાસેથી મળી આવ્યો હતો. આ કેસના આરોપીઓ ઓરોપી જિગ્નેશ ઉર્ફે જીગો કીશનભાઈ ભાવસાર, રમેશ મથુરભાઈ પટેલ, શૈલેષ ઉર્ફે એસ પી પ્રભુદાસ પટેલ, બંકીમચંદ્ર નરોત્તમભાઈ પટેલ, ઉત્પલ જગદીશભાઈ પટેલ તેમજ પરીન જગદીશભાઈ ઠક્કરે પુર્વઆયોજિત કાવતરુ રચ્યુ હતુ. જે મુજબ આરોપી શૈલેષ પટેલે મોબાઈલ કંપનીના ખોટા દસ્તાવેજો મેળવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. જયારે બીજાના નામનુ સીમકાર્ડ ગુન્હામાં ઉપયોગમાં લેવા મેળવ્યુ હતુ. જયારે આરોપી બંકીમે યુનિયનના બહાને નવનીત પ્રકાશનના માલિક નવીનભાઈ નાનજીભાઈ શાહને ખોટુ નામ આપી વાતચીત શરૂ કરી હતી. જયારે આ દરમિયાન તેમનુ રૂ ૫ કરોડની ખંડણી માંગવા માટે તેમને વાહનમાં ભયજનક રીતે ચલાવીને એર ગનથી ફાયરીંગ કર્યુ હતુ. તેમની સાથે ઝપાઝપી કરી હતી આ દરમિયાન આરોપી રમેશ પટેલ, શંકર ગોસ્વામી, પરીન ઠક્કર, મૌનિક પટેલે કારમાં તેમના મોં તેમજ નાક અને પગના ભાગે સેલોટેપ વિટાળી દીધી હતી નવીનભાઈનુ મોત નિપજ્યા બાદ આરોપીઓએ તેમનો દોરો પણ રાખી લીધો હતો. ત્યારબાદ આરોપી શૈલેષ પટેલે સરગાસણ ચોકડી થી શહપુર લવારપુર ચિલોડા અને મજરા ત્રણ રસ્તા મોડાસા માલપુરથી ગાજણ ગામની સીમ તરફ વાહન દોડાવી મુક્યુ હતુ. જયારે આ દરમિયાન મરનારની ઓળખ ન થાય તે મોટ પુરાવાનો નાશ કરવા માટે તેમનુ આઈ ડી પ્રુફ તથા કાગળો અને વોલેચ, ચશ્મા, મોબાઈલ સહીતની વસ્તુઓ વાત્રક નદીમાં નાંખી દીધી હતી. તેમજ તેમની કારની પણ ઓળખ ન થાય તે માટે ખોટી નંબર પ્લેટ લગાવી દીધી હતી. જયારે મરનાર નવીનભાઈના મૃતદેહ પરથી હીરા જડીત વીંટી પણ કાંઢીને લઈ લીધી હતી આ ઉપરાંત વોલેટમાં રહેલા ઓળખ પુરવા પણ સળગાવી દીધા હતા. આ કેસના અન્ય બે આરોપી મૌનિક રમણભાઈ પટેલ તેમજ શંકર રાજેન્દ્ર ગોસ્વામી ફરાર હતા. આ બનાવ સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોધાયો હતો. જયારે વર્ષ ૨૦૧૭ માં એલ સી બી પી આઈ જે ડી પુરોહીત

● અનુસંધાન પાન-૭ પર

## કેસમાં ૧૩૯ સાહેદો તપાસવામાં આવ્યા ૧૬૪ નિવેદન લેવાયા

આ કેસ ગાંધીનગરની ત્રીજા એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પ્રિતેશ વ્યાસે ૧૩૯ સાહેદોને તપાસ્યા હતા. જયારે એલ સી પી આઈ ૧૨૫ પાનાની ચાર્જશીટ રજુ કરી હતી. જયારે આ કેસમાં ૧૬૪ ના નિવેદન લેવાયા હતા. સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો કરી હતી જયારે કોર્ટે પુરવાઓ તેમજ સરકારી વકીલની દલીલોને ધ્યાનમાં રાખી આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# ક્વોરી ઉદ્યોગના લીધે મંદ વિકાસ કામોને ગુડા હવે વેગ આપશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના અનેકવિધ કામો સાથે માળખાગત સુવિધાને અનુલક્ષીને પણ અનેકવિધ કામોનુ આયોજન કરાયુ છે. જયારે વિકાસના વિવિધ કામોને વેગ આપવા માટે પણ હવે ટુંકમાં જ ગુડાનુ તંત્ર હરકતમાં આવશે. આ મામલે એક સમીક્ષા બેઠક પણ યોજવામાં આવશે જેમાં વિવિધ યોજના અન્વયે કેટલા કામો થયા તેમજ કેટલા પ્રગતિ હેઠળ છે તે અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. વિધાનસભાની ચુંટણીના દિવસો પણ નજીકમાં છે ત્યારે વિકાસની વિવિધ યોજના સહીત માળખાગત સુવિધાના કામોને પણ અંજામ આપવા માટે હવે ગતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

**વિવિધ યાજનાઓ પર કેટલુ કામ થયુ તે અંગે પણ સમીક્ષા બેઠક યોજવામાં આવશે**

ગુડાનો મોટાભાગનો વિસ્તાર હાલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ થઈ ગયો છે. જયારે આ વિસ્તારમાં હજુ માળખાગત સુવિધા સહીતના વિવિધ કામો ગુડા દ્વારા જ કરવામાં આવી રહ્યા છે. ગુડા દ્વારા આ વિસ્તારમાં પાણી, ગટર તેમજ રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સહીત આવાસ યોજનાના કામોનુ આયોજન કરાયુ છે. ન્યુ ગાંધીનગર તેમજ વિવિધ ટી પી વિસ્તારમાં આ કામ ચાલી રહ્યુ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ કામગીરી મંદ પડી ગઈ હતી. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવશે. સત્તામંડળ દ્વારા મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના માર્ગદર્શન હેઠળ હયાત વિસ્તારના વિકાસ પ્લાનને અનુલક્ષીને આગામી દાયકાઓને નજરમાં નાંખી માળખાકીય સુવિધાના કામો હાથ ધરાશે. જેમાં પીવાના પાણી અને માર્ગો, ગટર તેમજ વરસાદી પાણીના નિકાલ ઉપરાંત સ્ટ્રીટ લાઈટ ઉપરાંત આવાસોની યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા શહેરી વિસ્તારોમા માળખાકીય સુવિધાઓને અનુલક્ષી શહેરી વિકાસ સત્તા મંડળો કક્ષાએથી તૈયાર કરાતી ટાઉન પ્લાનીંગ સ્કીમોને મંજુરી આપવામાં ગતિ લાવવા પ્રયાસો કરાયા છે. ત્યારે અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી પણ ઝડપથી માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જવાબદારી નિયત કરવામાં આવી છે. વિવિધ સુવિધાઓને ધ્યાનમાં રાખી શહેરી વિકાસ વિભાગ કક્ષાએથી પણ હીસાબો મંગવામાં આવશે. જેમાં કેટલી અને કેવા મુજબની યોજનાઓ હાથ ધરવામાં આવનાર છે તેમજ કઈ યોજનાઓ પર કામ પ્રગતિ હેઠળ છે જયારે કેટલાક કામ સમયમર્યાદામાં પુર્ણ થયા નથી આ મામલે સમીક્ષા બેઠક યોજવામાં

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફસ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com